CCPS An AIChE Technology Alliance
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

This issue sponsored by
ioMosaic
www.iomosaic.com

# રજાઓમાં કામગીરી

નવેમ્બર - ૨૦૧૩













રજાઓમાં પ્રક્રિયા કારખાનામાં શું થતું હશે ? ઘણા બધા પ્લાન્ટમાં રજા દરમિયાન ઉત્પાદન પ્રક્રિયા બંધ કરી દેવામાં આવે છે કે ઉત્પાદન ઓછું કરી દેવામાં આવે છે. જ્યારે ઉત્પાદન બંધ કે ઓછુ કરી દેવામાં આવતુ હોય ત્યારે સાધનો કદાચ અપ્રમાણભૂત પરિસ્થિતિમાં હોઈ શકે છે. ઉત્પાદન પ્રક્રિયા બંધ કરવામાં આવી હોય તેમ છતાં જોખમી પદાર્થો સ્ટોરેજ ટેન્ક અને પ્રક્રિયા સાધનોમાં હાજર હોય તેવો સંભવ હોય છે. સાધન જેને બંધ કરી દેવામાં આવ્યુ હોય છે તેને નિરીક્ષણ તથા મરમ્મત માટે ખોલવુ પડયુ હોય શકે છે. મરમ્મત અને કોન્ટ્રાક્ટના માણસો કદાચ કારીગરો કરતાં વધારે હોઈ શકે છે. રજાઓ પછી, પ્રક્રિયાઓને ફરીથી ચાલુ કરવામાં આવે છે, શટડાઉન કર્યા પછી ક્યારેક તેમાં સુધારો પણ કરવામાં આવે છે. કેટલાંક કારખાનાઓ રજાઓમાં કામગીરી ચાલુ રાખે છે પરંતુ ઓછા સ્ટાફથી, મહત્વની કામગીરીને પાછળ ધકેલીને, જેથી કામદારો રજા દરમિયાન તેમના કુટુંબના સાથે સમય પસાર કરી શકે. ભુલો કે સવાલોના જવાબ માટે બહુ ઓછા મેનેજરો અને ટેકનીકલ સ્ટાફના માણસો હાજર હોય છે.

## તમે શું કરી શકો ?

➔ પ્રક્રિયા જોખમોને કોઈ રજા હોતી નથી તે જાણો અને હંમેશાં પ્રક્રિયા સુરક્ષા ઉપર ધ્યાન આપો.

➔ જ્યારે રજાઓ ઉજવો, ત્યારે કામગીરીના કલાકોને યાદ રાખો અને ખાત્રી કરો કે તમે પૂરતી ઊંઘ લીધી છે અને તમે પ્લાન્ટમાં પાછા આવો ત્યારે તમે કામગીરી માટે તૈયાર છો.

➔ રજા દરમિયાન કે વીક એન્ડમાં તમારી જરૂરીઆત પડે તો તૈયાર રહો. તમારી જગ્યાએ બીજાને કામ કરાવીને તેને વધારે કામ કરવાથી બચાવો. કારણ કે તેનાથી તમારા સહ કામદારો ઉપર બીન જરૂરી કામના ભારણથી અકસ્માત કે ઈજા થવાનુ જોખમ રહેલુ છે.

➔ ભૂલી ન જશો કે કેટલીક પ્રક્રિયા અટકાવેલી હોવા છતાં તે ચાલુ રહેતી હોય છે. જેમ કે ટોટલ ફ્લસ ઉપર ચાલતી ડીસ્ટીલેશન કોલમની પ્રક્રિયા. જરૂરી માહિતીની નોંધ રાખો અને પ્રક્રિયામાં વિક્ષેપ પડે તેવી અવસ્થામાં તેના પર ધ્યાન આપો.

➔ યાદ રાખો કે રજાઓને કારણે જ્યારે પ્લાન્ટ બંધ હોય ત્યારે પણ સ્ટોરજ ટેન્ક અને પ્રક્રિયા વેસલમાં જોખમી પદાર્થો ભરેલા હોઈ શકે છે આ ટેન્કો અને વેસલોની સમયાંતરે ચકાસણી કરો.

➔ તમને જ્યારે પણ સમસ્યા જેવુ જણાય તો તમારા મેનેજર અથવા એન્જીનીયરોને સંપર્ક કરવા અચકાતા નહીં. સમસ્યા ખૂબ ગંભીર બને તેની રાહ ન જુઓ. રજા હોય તો પણ તેમની જવાબદારી છે તમને મદદ કરવાની.

➔ રજામાં શટ ડાઉન કામગીરી દરમિયાન તમારા પ્લાન્ટમાં મરમ્મત કે ઈન્સ્પેક્શન માટેના કોન્ટ્રાક્ટ કામદારો કામ કરતા હોય તો, ખાત્રી કરો કે તેઓ તમારા પ્લાન્ટની કોન્ટ્રાક્ટ કામદારોની સુરક્ષા કાર્યપ્રણાલીનુ પાલન કરે છે.

➔ રજાઓ પછી સાધનો ફરીથી ચાલુ કરો ત્યારે સાચી કાર્યપ્રણાલીનુ પાલન કરો. ખાત્રી કરો કે જે સાધનો શટડાઉન દરમિયાન મરમ્મત અથવા સુધારણા કરવામાં આવ્યા હોય તેના પ્રી સ્ટાર્ટ અપ અને સુરક્ષા રીવ્યુ કરી દેવામાં આવ્યાં છે અને સાધન બધી રીતે તૈયાર છે.

**રજા એ ઉજવણી માટેનો શ્રેષ્ઠ સમય છે પરંતુ કામ પર , સુરક્ષીત કામગીરીની ઉજવણી કરો !**

AIChE © 2013. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Arabic, Afrikaans, Chinese, Czech, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.